**સી.સી નં /**

## આંક ૧ નીચે હુકમ

સદર કેસ ઘણા વર્ષો પહેલા અત્રેની કોર્ટ માં દાખલ કરવામાં આવેલ છે. અને ત્યારથી આરોપી ઉપર સમન્સ વોરંટ કાઢી આરોપી ને હાજર રાખવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. પરતુ આરોપી નું સરનામુ યોગ્ય ન હોય સમન્સ વોરંટ બજતા નથી.અથવા વગર બજે આરોપી ચાર્જસીટ ના સરનામે રહેતા નથી. તેવા શેરા સાથે પરત આવેલ છે. વધુમાં આ સાથે તેવો ત્યા રહેતા નથી. તે દશાવતો જવાબ પણ સામેલ બજવણી કરનારે સામેલ રાખેલ છે. આમ સદર કામ પેટી ઓફેન્સ હોય અને આરોપી ને અવાર નવાર સમન્સ કરવા છતા આરોપી મળી આવતો નથી.

આમ, ઉપરોકત કાયદાનું પ્રાવિધાન ને ધ્યાને રાખવામાં આવેતો ફરીયાદીએ ફરીયાદ આપવામાં તેમજ ત.ક તપાસ કરવામાં કાયદાની યોગ્ય પ્રક્રિય અનુસરી ન હોય કોર્ટ ને કોગ્નીઝન્સ લેવાની સત્તા રહેતી નથી. વધુમાં નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીના પત્ર જાવક નંબર એફ. નં. એલ / ૨૩ / ૨૦૧૪ / નાલસા- તારીખ ૨૦ / ૦૮ / ૨૦૧૪ માં આપેલ ગાઈડ લાઈન ધ્યાનમાં લેતાં અદાલતમાં પડી રહેલ ડેડવુડ જેવા કેસોનો ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ ની કલમ ૨૫૮ અન્વયે નિકાલ કરવા સુચના અપાયેલ છે. તેના અનુસંધાને અત્રેની કોર્ટે તેવા ડેડવુડ કેસો આઈડેન્ટીફાય કરી તે અંગે પબ્લિક પ્રોસીક્યુટરના અભિપ્રાય મેળવેલ છે. પ્રસ્તુત કેસ કાયદાની જોગવાઈ જોતા કોર્ટ માં ચાલી શકે તેમ નથી.

આમ આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઈફેકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પુરતુ ધ્યાન આપી શકાતુ નથી. તે સંજોગોમાં ઈફેકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પણ પુરતુ ધ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની કાર્યવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે. આ સંજોગોમાં ન્યાયના હિતમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમઃ ૨૫૮ અન્વયે આ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહી પુરાવો નોંધ્યા વિના જ બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.
કેસ રજીસ્ટરે હુકમની નોંધ કરવી.

## <u>હુકમ</u>

સદર કેસની કાર્યવાહી ક્રિ. પ્રો. કોડની કલમઃ ૨૫૮ ની જોગવાઈ મુજબ સ્ટોપ કરી આરોપીને છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૩ મી જુલાઈ, ૨૦૧૯ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃવડોદરા. ડી.એમ.બાવીસી

તા ૧૩/૭/૧૯ જ્યુ.મેજી.ફ.ક (મ્યુની.),વડોદરા **( જી જે ૦૧૩૮૦)**